# અલક મલક ગીત



Scanned by CamScanner



# અલક મલક ગીત

## અંતર મંતર જંતર

અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં
તને કાગડો બનાવી દઉં
જુઓ આ ટોપલી ખાલી
તેમાં પરી રહે છે મતવાલી
મારી ટોપલીમાં જાદુ, તેમાં પરીને બેસાડું
તેનું સસલું બનાવી દઉં
જુઓ આ ગંજીપાની રમત
રમતમાં છે મોટી ગમ્મત
પહેલા રાણી આવે છે
પછી રાજા આવે છે.
તેનો ગુલ્લો બનાવી દઉં
અંતર મંતર જંતર...
જુઓ આ છે એક નાનો ઠીંગુ
તેનું નામ પાડ્યું છે મેં ટીનુ
ટીનુ ખૂબ દોડે છે, મોટા ઝાડ પાડે છે
તેને લંબુ બનાવી દઉં
અંતર મંતર જંતર...




## ઝગમગતા તારલાની જોડી

હો પેલા ઝગમગતા તારલાની જોડી
આકાશે કોણે ચોડી
ઓ બા મને કહેજે ને વાત એની થોડી
પંચરંગી ફૂલ પેલા કોણે તે રંગ્યાં
છૂપીછૂપી વાત શું કરતા પતંગિયાં
ઓ પેલા ભમરા ક્યાં જાય દોડી દોડી
ઓ પ્રીત કેવી રૂડી, ઓ બા મને કહેજે...
કાળી કાળી વાદળી ક્યાં જાતી સોહામણી
આકાશે ઉડતી શું મ્હાલતી મેરામણી
ઓ પેલી વરસાદની ધાર કોણે છોડી
ને વીજ કોણે તોડી, ઓ બા મને કહેજે...
ઘુઘવતા સાગરમાં નીર ક્યાંથી આવ્યાં
મોટા મગરમચ્છ ઉરમાં સમાવ્યા
ઓ પેલી નદીઓ ક્યાં જાય દોડી દોડી
પર્વતને તરછોડી, ઓ બા મને કહેજે...
લીલાછમ વૃક્ષોને ઊંચા ઊંચા ડુંગરા
વન ઉપવનને વળી પર્વતના કોતરો
ઓ પેલા પંખી ક્યાં જાય ઊડી ઊડી
કુદરત છે કેવી રૂડી, ઓ બા મને કહેજે...







## ટમટમતા તારલા

ટમટમતા તારલા, પોઢી જા દુલારા
વાયુ ફરફર વાયો ,ભાઇલો મારો ડાહ્યો
ઝુલે સૌ ઝુલાવે, નીંદરડી આવે
વ્હાલ કરું પ્યારા, પોઢી જા દુલારા
ટમટમતા તારલા...
પક્ષીઓની રાણી આવે છાનીમાની
વાતો કહેશે મઝાની, ચાંદા મામાની
જીવો જુગ જુગ વીરા, પોઢી જા દુલારા
ટમટમતા તારલા...

## પંડિત ચાલ્યા જાય છે

પંડિત ચાલ્યા જાય છે (૨)
પગમાં જૂના જોડાં પહેરી
પંડિત ચાલ્યા જાય છે
મૂળા જેવડી મૂછ એની
ગાગર જેવડી ફાંદ છે.
આંખો ઉપર ચશ્મા ચડાવી
પંડિત ચાલ્યા જાય છે.
આંબા ઉપર કેરી દેખી
પંડિત લેવા જાય છે.
તડાક કરતી કેરી તૂટી
ટાલમાં ભટકાય છે.
આકાશ ઉપર વિમાન દેખી
પંડિત જોવા જાય છે.
આડું-અવળું જોતાં જોતાં
ગધેડે ભટકાય છે.
ગાગર જેવડી ફાંદ છે ને
સૂપડા જેવા કાન છે.
ઠુમક-ઠૈયા કરતાં કરતાં
પંડિત ચાલ્યા જાય છે.
ખિસ્સામાંથી ડબ્બી કાઢી
છીંકણી સૂંઘવા જાય છે
ગટર જેવડા નાકમાં
સડાકા લેતા જાય છે
પંડિત ચાલ્યા જાય છે. (૨)






Scanned by CamScanner

# અલક મલક ગીત

## ચાંદા મામા, ચાંદા મામા

ચાંદા મામા..., ચાંદા મામા...,
મારી સાથે રમવા આવશો કે નહિ (૨)
જીગુરાજી થશે, જહાનવી ખુશ થાશે
નાની બેન તો નાચશે રે ભાઈ (૨)
તારલાને લાવજો, વાદળાને લાવજો
પરીઓને સાથે લાવશો કે નહિ (૨)
ચાંદા મામા...
સંતાકૂકડી ખેલશું, સાતતાળી રમશું
આભમાં છૂપાઈ તમે જોશો કે નહિ
ચાંદા મામા...
ખાવાને ખીર-પૂરી, ઘીમાં ઝબોળી
આપીશ તમને હું આપીશ તમને (૨)
ચાંદા મામા...

## તારા ધીમા ધીમા આવો



તારા ધીમા ધીમા આવો
તારા રમવાને સૌ આવો
તારા રૂપાગેડી લાવો
તારા...
તારા સંભાળીને આવો
તારા હસતાં હસતાં આવો
તારા મીઠું મીઠું ગાઓ
તારા...
તારા ડગમગ ડગમગ આવો
તારા ઝગમગ ઝગમગ આવો
સાથે ચાંદાને પણ લાવો
તારા...



તારા થાકો ત્યારે જાઓ
સાથે ચાંદાને તેડાવો
તોયે હમણાં તો આવો
તારા...
તારા છાના માના આવો
તારા ધીમા ધીમા આવો
તારા...




## કાળાં કાળાં વાદળાં




કાળાં કાળાં વાદળાં
ધોળાં ધોળાં વાદળાં
ઊંચે પેલા આભલિયામાં
જાણે રૂનાં ગાદલાં
કાળાં કાળાં...

ઘડીક ચાલે હાથી જેવું
લાંબી સૂંઢ હલાવી
ઘડીક ચાલે ઘોડા જેવું
દોડે દોડમદોડ
વાદળ પાછળ વાદળ દોડે
જાણે લાંબી ગાડી
જો વાદળ અથડાઈ પડે તો
ઝરમર વરસે પાણી.
કાળાં કાળાં...



## દરબાર છે દરબાર

દરબાર છે દરબાર
આ રંગ તણો દરબાર
હું લાલ રંગનો રાજા
લીલો મારો સરદાર
પીળા પિતાંબર પહેરી, સૌ પૂજા કરવા જાય
પીળી છે પાકેલ કેરી, સૌ હોંશે હોંશે ખાય
દરબાર છે...
કેસરિયો સૈનિક મારો, લડવામાં બહાદુર
પોપટીયું મીઠું બોલે, મધુરો એનો સૂર
દરબાર છે...
બદામી બતક બોલે તે, બડબડ ગીત ગાય
આખી દુનિયાને માથે, વાદળીયો રંગ છવાઈ
દરબાર છે...
ભૂરો ભણવામાં હોશિયાર, ને ભારે હિંમતવાન
જાંબુડીયો ઝટપટ બોલે, જુસ્સાવાળો જવાન
દરબાર છે...





Scanned by CamScanner




# અલક મલક ગીત

## ટીક ટીક ટીક ટીક



ટીક ટીક ટીક ટીક, ટણણણ....
ઘડિયાળ બોલે ભાગ ભાગ ભાગ

વરસાદ બોલે છમ છમ છમ
ઉતાવળ કર મા ચાવીને જમ
ટીક... ટીક...



ભમરો બોલે ભમ ભમ ભમ
મોટેરાને માન દે મોટા ને નમ
ટીક... ટીક...
ગાડી બોલે છૂક છૂક છૂક
મોટો થયો હવે તોફાન મૂક
ટીક... ટીક...



ટકોરી બોલે ટણણણ
પૈસો બોલે ખણણણ
ટીક... ટીક...
ઘડિયાળ બોલે ભાગ ભાગ ભાગ

## મોટર બોલે પોમ પોમ

અમે મોટરમાં ફરવા ગ્યા'તાં(૨)
મોટર બોલે પોમ પોમ પોમ
અમે મોટરમાં...
અમે ઉજાણી કરવાં ગ્યા'તાં(૨)
મોટર બોલે પોમ પોમ પોમ
અમે મોટરમાં...



અમે દહીંને ઢેબરાં ખાધાં
અમે જલેબી ગાંઠિયાં ખાધાં
અમે ઝાડની ડાળીએ ઝૂલ્યાં
અમે ઊંચેથી ઠેકડાં માર્યાં
અમે મોટરમાં...
અમે શંખલાં છીપલાં વિણ્યાં
અમે રેતીમાં બંગલા બનાવ્યાં
અમે પાણીમાં છલબલિયાં કીધાં.
અમે મોટરમાં...
અમે સાંજ પડે ને ઘેર આવ્યાં
રસ્તામાં છોકરા સામા મળ્યાં
અલ્યા છોકરાઓ જરા આઘા ખસો
ચગદાઓ તો માર્યા જશો.
અમે મોટરમાં...





## હું છું બંદો રોબોટ

ડોબો ડોબો ના કહીશ બા,
હું છું બંદો રોબો !

મંગળ જાઉં, માટી લાવું !
ઘરને બા તું ધોબો !
હું છું બંદો રોબો !



નવી દુનિયા, નવી રમતો,
નિત કરું હું શોધો !
હું છું બંદો રોબો !

આખી દુનિયા મુજથી ડરતી,
ના રહે કોઈ યોદ્ધો
હું છું બંદો રોબો !

## આવ્યો મદારી પોળમાં

હાં રે ઓલ્યા છોકરા રે,
આવ્યો મદારી પોળમાં
મોરલી મદારીની ઘેરી ઘેરી વાગે
સાંભળીને બાળ સૌ ડોલવા લાગે
જાદુ ભર્યાં છે એના બોલમાં રે
આવ્યો મદારી...
નાથિયો વાંદરો નોકરીએ ચાલ્યો
લાકડીનો છેડો એણે હાથમાં રે ઝાલ્યો
નોકરીએ બેઠો છે રોફમાં રે
આવ્યો મદારી...
હાં રે અલ્યા છોકરા રે
રતન વાંદરીએ રૂસણું રે લીધું
ખાવા પીવાનું એણે છોડી રે દીધું
તાળી પાડો સૌ સાથમાં રે
આવ્યો મદારી...





Scanned by CamScanner



# અલક મલક ગીત



## લાવી દે આભનો ચાંદલો


બા મને લાવી દે આભનો ચાંદલો
હાં રે એમ રોતો'તો નાનો બાબલો
બાબલાને લઈને બા આમ તેમ ફરતી
લાવું શી રીતે ચાંદ એમ એ વિચારતી
હાં રે ત્યાં તો બાબલો થતો ઉતાવળો
બા મને લાવી દે..
થાળ ભરીને બાએ પાણીનો મૂકયો
પકડીને ચાંદલાને એમાંજ પૂર્યો
હાં રે ત્યાં તો હસ્યો તો નાનો બાબલો
બા મને લાવી દે..
વાટકો ભરીને દૂધ બાબલાને પાયું
વાટકી ધરીને દૂધ ચાંદલાને પાયું
હાં રે ત્યાં તો સૂઈ ગયો નાનો બાબલો.
બા મને લાવી દે..




## ગોળુડો ઘાટ ભાઈ



ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ
સૂરજ ને ચાંદાનો, ડુંગળીના કાંદાનો
શેઠિયાના ફાંદાનો ગોળુડો ઘાટ
પૂરી બટાટા, દુધી ટમેટાનો
મોરલીના ફેટાનો ગોળુડો ઘાટ
ટેબલના ખડિયાનો, પતરાળી પડિયાનો
દુબળાના હડિયાનો ગોળુડો ઘાટ
ઘંટીના હાથાનો, માણસના માથાનો
બ્રાહ્મણના ભાતાનો ગોળુડો ઘાટ
બોરના ઠળિયાનો, ઢોલકાના તળિયાનો
ઘાંચીના ફળિયાનો ગોળુડો ઘાટ
પેન્સિલ ને પેનોનો, મણિધરની ફેણોનો
બીલીને બીલાનો, ખીલીને ખીલાનો
સાધુના ટીલાનો, ગોળુડો ઘાટ
દાણાને માણાનો, બળબળતા છાણાનો
વાટણિયા પાણાનો, ગોળુડો ઘાટ
લક્ષ્મીના પૈસાનો, મોટરના પૈડાનો
જમવાની થાળીનો, ગોળુડો ઘાટ



## એકો દૂડી તીડી



એકો દૂડી તીડી ને ચોકો પંજો છક્કો
આવ્યો જાદુગર હું તો જાદુમાં છું પક્કો
એકો દૂડી તીડી ...
આ મેવાડી માકડું મરઘા જેવું બોલે
કલકત્તાની કુકડી કોયલ જેવું બોલે
અંતર મંતર બોલું ત્યાં તો કૂકડી ઊડી જાય
જુઓ પેલા આભલામાં કેવી હીંચકા ખાય..હે
એકો દૂડી તીડી ...
પોપટમાંથી પરી બનાવું મોટી પાંખ વાળી
આ પંજાબી જાદુ જુઓ છોકરા પાડો તાળી
અંતર મંતર બોલે ત્યાં તો પરી ઊડી જાય
જુઓ પેલા આભલામાં કેવી હીંચકા ખાય..હે
એકો દૂડી તીડી ...
સસલામાંથી સાપ બનાવું મોટી ફેણવાળો
ડમ-ડમ વાગે ડમરૂં ને નાચે રીંછ કાળો
અંતર મંતર બોલું ત્યાં તો અજગર આવી જાય
પપ્પાજીની પાઘડીમાં તેતર બની જાય..હે
એકો દૂડી તીડી ...
પીંજરામાં છે બતક એનું બુલબુલ બનાવી દઉં
ઈંડું આપે સોનાનું તો તમને આપી દઉં
અંતર મંતર બોલું ત્યાં તો બતક ઊડી જાય
બતકમાંથી બાજ બને છે કેવો જાદુ થાય..હે
એકો દૂડી તીડી ...
નાની છે આ ટોપલીને તેમાં જાદુ થાય
વાગે મીઠી મોરલીને લાડુ આવી જાય
અંતર મંતર બોલું ત્યાં તો લાડુ ઊડી જાય
કાર્તિકભાઈની પાઘડીમાં પોપટ બની જાય..હે
એકો દૂડી તીડી ...

## ચાંદલિયા આવજે



આકાશી ચોકથી ને રમવાના શોખથી
મોઢું મલકાવજે ચાંદલિયા આવજે
રૂપેરી તારલાને હીરાના હારલા
કંઠે લટકાવજે ચાંદલિયા આવજે
ઝીણા ઝણકારથી તારાના હારથી
ઝબકારા મારજે તારલિયા આવજે
રૂપા વરણી રાતમાં તારા સંગાથમાં
રાસે રમાડજે ચાંદલિયા આવજે.



Scanned by CamScanner



# અલક મલક ગીત

## ઓ... ચાંદલિયા

ઓ... ચાંદલિયા હસી હસી ભેટવા આવે
તારા અજવાળિયા...
અજવાળાં આવ્યા ને અંધારા ઓસર્યાં
રસિયાએ રસિયાને, રમવાને નોતર્યા
એ... પોતે હસીને હસાવે
તારા અજવાળિયા...
કોઈને અકળાવતી અજવાળી રાતડી
કોરે આ કાળજાની કોર
પ્રેમીને શોધે છે, પ્રેમીની આંખડી
ટહુકે છે મનડાનો મોર
આત્માની જ્યોતિ જગાવે.
તારા અજવાળિયા...




## ચાંદામામા અજવાળાં લાવે


ચાંદામામા આવે ને અજવાળાં લાવે
ફૂલ સરીખા ધોળા ધોળા કેવા લાગે ભોળા
બાબા બેબીને હસાવે એવા ચાંદામાંમાં
ચાંદામામા...
દુનિયા દોડી દોડી ફરતા વાદળમાં એ ફરતા
દરિયાને ડોલાવે એવા ચાંદામામા આવે
પોષી પૂનમ આવે ત્યારે બેનીને હરખાવે
ચાંદામામાં...

## છૂપાતા ચાંદામામા

આવે રે આવે રે આવે રે
વાદળમાં છૂપાતા ચાંદામામા આવે રે
રાત પડે ને આવે વાદળના દેશમાં
ગોરા ગોરા લાગે કેવા રૂપાળા વેશમાં
રેલાવે રેલાવે રેલાવે રે
દૂધ જેવું અજવાળું આભેથી રેલાવે
આવે રે...
રૂપલો મજાની ચાંદનીનો ટૂકડો
મને તો એ બહુ ગમે આવે જો ઢૂંકડો
લાવે રે લાવે રે લાવે રે
ટમટમતા તારલાની ટોળીઓને લાવે
આવે રે...









Scanned by CamScanner




# અલક મલક ગીત



## લાડુ ભટ્ટ લાડુ ભટ્ટ

લાડુ ભટ્ટ, લાડુ ભટ્ટ, લાડુ કરી ગયા છે ચટ
લાડુ ખાય એ તો બોલે મારો દુનિયામાં છે વટ
એક નહીં બે નહીં ખાય પૂરા પચ્ચીસ
લાડુ ઓછા પડે તોયે કરે મોટી રીસ
ઊભા થઇને પાણી પીવે ઘટ ઘટ ઘટ
લાડુ ખાય એ તો....
રોજ સવારે વહેલા ઊઠી નદીએ નાહવા જાય.
લાડુ લાડુ બોલી એ તો ધબાક ધૂબકા ખાય.
પહેરે નાની પોતડી ને ચાલે ઝટ ઝટ ઝટ
લાડુ ખાય એ તો....
આખો દિવસ ચોરે બેસી સૌને પાણી પાય
ભૂવાને ભરાડી એને જોઇ ભાગી જાય.
નાના મોટા બોલે આ તો ભીમભાઇ ભટ્ટ ભટ્ટ
લાડુ ખાય એ તો....




## દૂધડા લ્યો કોઈ દૂધડા લ્યો

દૂધડાં લ્યો કોઇ દૂધડાં લ્યો
ગામડેથી આવી હું તો દૂધવાળી
વહેલી સવારમાં ઊઠતી પરોઢિયે
ગોરી ગાવલડીને દોહતી પરોઢિયે
હું તો ચાંદનીમાં હું રમતી રંગતાળી.
ગામડેથી આવી હું તો...
પીળી પીળી કાંસડી ને લાલ ઘાઘરી
માથે મૂકી છે મેં તો પિત્તળની તાંબડી
મારી ઇંઢોણી ફૂમતાવાળી રે
ગામડેથી આવી હું તો...
શેરીએ શેરીએ ફરર ફરર
એતો રૂડો મીઠો ટહુકો કરું છું (૨)
મેં તો ઓઢી છે કામળી રે (૨)
ગામડેથી આવી હું તો...



## વલોણું વલોવીએ ધમ ધમ

વલોણું વલોવીએ ધમ ..ધમ.. (૨)
જયારે છાશ છમકે છમ.. છમ.. (૨
સોના રૂપાનું રૂડું બેડલું મારું (૨)
મહિડા વલોવીને ત્યાં માખણ ઉતારું
શેરીએ શેરીએ જઇ સાદ રે પોકારું (૨)
દોડી આવો મહિડા લેવા...
ધમ..ધમ.. વલો
અમારે ખેતરે ગોરી ગોરી ગાવડી (૨)
દૂધડાં આપે એવી મીઠી રે તલાવડી (
સાંજને ટાણે લઇ જાતી રે તલાવડી (૨)
ગળે બાજે ઘુઘરીયા ધમ.. ધમ..
ધમ..ધમ.. વલો
મહિડા રે મારા એવા સૌને ગમતાં
સાંજ ને સવારે ખાતાં વખાણે રે જમતાં
વેચવાને જાવું મારે ગલીએ ભમતાં (૨)
દઇ ઠમકો પગે ઠમ.. ઠમ.. ઠમ..
ધમ..ધમ.. વલોણું



## સારિકાબેન તમારી જાનુ રોવે

સારિકાબેન સારિકાબેન તમારી જાનુ રોવે
જાનુના પપ્પા આવે છે, ચાર ચુની લાવે
એક ચુની ખોવાણી, જાનુની મમ્મી ખીજા
નાનો મારો હાથી, હાથીની સૂંઢમાં પાણી
પાણી સાવ ગંદું, સામે ઊભો
ચુની માથે ચોટલી, બા બનાવે રોટ
રોટલી મને ખાવા દો, બાલમંદિર જાવા
બાળગીત મને ગાવા દો, હોશિયાર મને થાવા દો



